જા.નં.વ૯ટ/૦૧/ક/કાસુ/૨૭ /૨૦૧૩
સહકાર કમિશનર અને રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, બ્લોક નં.૧૦, પ્રથમ માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
તા. ૨૮/૦૭/૨૦૧૩

પ્રતિ,

(૧) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, તમામ

(૨) કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજય,ગાંધીનગર

(૩) મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી,સુપરવિઝન અને અન્વેષણ સમિતિ,,ગુ.રા.અમદાવાદ

(૪) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર

(૫) સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમિનીઝ,સ.મં.તમામ.

(૬) રજિસ્ટ્રારશ્રી,ગુજરાત રાજય સહકારી ટ્રીબ્યુનલ,અમદાવાદ

(૭) જિલ્લા રજિસ્ટ્રારશ્રી,(હાઉસીંગ)સહકારી મંડળીઓ, તમામ

(૮) સ્પેશ્યલ ઓડીટરશ્રી,સહકારી મંડળીઓ, મિલ્ક ઓડીટ ઓફીસ,તમામ

(૯) સંયુકત રજિસ્ટ્રારશ્રી,સહકારી મંડળીઓ,વડી કચેરી,તમામ.

(૧૦) તમામ શાખાઓ વડી કચેરી ગાંધીનગર

**વિષયઃ– નિર્દિષ્ટ સહકારી મંડળીઓ સિવાયની સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી બાબત.**

**સંદર્ભઃ– (૧)અત્રેની કચેરીનો તા.૨૨/૦૩/૨૦૧૩નો પત્રાંક : વ૯ટ/૦૧/ક/કાસુ/૨૪૨/૨૦૧૩**

**(૨)<u>સરકારી વકીલશ્રી,ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનો તા.૧૮/૭/૨૦૧૩નો પત્ર</u>**

**<u>Oral Judgment Dated 10-07-2013</u> of the Hon'ble High Court in Spl.Civil Appln. No. 10155 of 2013**

સંદર્ભ–૧માં નિર્દિષ્ટ કરેલ પરિપત્ર અન્વયે જણાવવાનું કે,નામ.ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના સ્પે.સીવીલ એપ્લી. નં.૧૩૭૩૩/૨૦૧૨ વીથ સ્પે.સીવીલ એપ્લી. નં.૨૩૪/૨૦૧૩ના કેસમાં તા.૧/૩/૨૦૧૩ ના રોજ આપેલ ઓર્ડર મુજબ સંવિધાન (૯૭મા સુધારા) અધિનિયમ ૨૦૧૧ને અનુરૂપ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧માં સુધારા દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી રાજયની તમામ સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી ન યોજવા સુચનાઓ પરિપત્રિત કરેલ હતી.

સરકારી વકીલશ્રી,ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદના તા.૧૯/૦૭/૨૦૧૩ના સંદર્ભ–૨ નિર્દિષ્ટ પત્રના અનુસંધાને સ્પે.સી.એ.નં.૧૦૧૫૫/૨૦૧૩ માં તા.૧૦–૦૭–૨૦૧૩ના રોજ આપેલ ઓરલ જજમેન્ટમાં દર્શાવ્યા મુજબની નિર્દિષ્ટ સહકારી મંડળીઓ સિવાયની સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીઓ યોજવા માટે નીચે દર્શાવેલ માર્ગદર્શક સૂચનાઓ આપના ધ્યાન ઉપર મુકવામાં આવે છે.

(16) In the background of the above, follwing directions are issued:-

(1) The Respondent No.1 ! the State Government is directed to issue

orders to the District Registrars of Co-operative Societies, except the specified societies , in the State of Gujarat providing to following as interim measures:-

(a) Wherever in any Co-operative Society in any District the term of a managing committee either expire or has expired, there shall not be appointed of Administrator simply on account of existing committee not being able to hold elections as per the amended Act.

(b) If, in any society the term of the existing committee is about to be over or is already over, such society shall be permitted to hold election of the Managing Committee, the office bearers or the Board of Directors as the case may be as per its by-laws. Such election shall be if so required under the supervision of the responsible officer to be deputed by the concerned District Registrar within whose jurisdiction the society exist. The term of the elected body for the society in such election shall be till the State Government provide for mechanism for holding election under Amended Act or till the period provided in the by-laws whichever is earlier.

(c) The State Government shall give wide publicity about such interim measures to be followed by District Registrars and the societies of each district.

(d) Whenever in any such society, the term of the administrator is over, the election as per the present interim measures shall be immediately held and the elected body shall be handed over the charge of the Managing committee by the concerned Administrator.

નામ. હાઈકોર્ટના ઉપર્યુકત ઓરલ જજમેન્ટમાં દર્શાવ્યા મુજબની માર્ગદર્શક સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા તથા તેને અનુરૂપ નિર્દિષ્ટ સહકારી મંડળીઓ સિવાયની સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ યોજવા બાબતે વેળાસર ઘટિત કાર્યવાહી હાથ ધરવા માટે જણાવવામાં આવે છે.

અધિક રજિસ્ટ્રાર (વહીવટ)
સહકારી મંડળીઓ,ગુજરાત રાજ્ય ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના:-**

(૧) સરકારી વકીલશ્રી,
ગુજરાત હાઈકોર્ટ, કાયદા ભવન, અમદાવાદ – તેઓના તા.૧૮-૦૭-૨૦૧૩ના પત્રના અનુસંધાને.

(૨) અગ્ર સચિવશ્રી (સહકાર)
કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.